
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ થાકી ગયા છે... એમને બંધનાં આંદોલનની જ ટેવ હતી... આ વખતે ચાલુ કેમ રાખવુ એ અઘરુ ગયુ..

# પ્રાથમિક શિક્ષકોને ૪૨૦૦નો ગ્રેડ-પે ચાલુ રાખવા જાહેરાત

### ૬૫ હજાર જેટલા પ્રાથમિક શિક્ષકોને મળશે લાભ : ૨૫.૬.૨૦૧૯નો શિક્ષણ વિભાગનો પરિપત્ર રદ કરવાનો મુખ્યપ્રધાન વિજય રૂપાણીનો સંવેદનાસ્પર્શી નિર્ણય

ગાંધીનગર, તા. ૯

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યભરના પ્રાથમિક શિક્ષકોના વિશાળ હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ નિર્ણયની ભૂમિકા આપતાં જણાવ્યું કે, મુખ્યમંત્રીએ રાજયના પ્રાથમિક શિક્ષકોના અગાઉ મળતા પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ શિક્ષણ વિભાગના તા.૨૫.૬.૨૦૧૯ના પત્રના કારણે બંધ થયેલ હોવાની રજૂઆતોને સંવેદનાપૂર્વક ધ્યાને લઈને મંગળવારે મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને તેમજ નાયબ મુખ્યમંત્રી, શિક્ષણ મંત્રી, શિક્ષણ રાજયમંત્રી શ્રીમતી વિભાવરીબહેન દવે અને શિક્ષણ વિભાગના સચિવો તથા ઉચ્ચ અધિકારીઓની બેઠકમાં વિશદ ચર્ચા-વિચારણાઓ હાથ ધરી હતી. મુખ્યમંત્રીએ આ ફળદાયી ચર્ચા-પરામર્શના અનુસંધાને આપેલી સૂચનાઓ અનુસાર શિક્ષણ-વિભાગનો તા.૨૫ જૂન-૨૦૧૯નો પત્ર રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તદઅનુસાર હવેથી રાજ્યભરના ૬૫ હજાર જેટલા પ્રાથમિક શિક્ષકોને અગાઉની વ્યવસ્થા મુજબ જ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ તરીકે ૪૨૦૦ ગ્રેડ-પે મળતો રહેશે તેમ મંત્રીશ્રીઓએ જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે શિક્ષણ વિભાગે તા.૨૫-૬-૨૦૧૯ના પત્રથી પ્રાથમિક શિક્ષકોને પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ તરીકે મળતો ૪૨૦૦ ગ્રેડ-પે ને બદલે ૨૮૦૦ ગ્રેડ-પે



આપવાનો થયેલ પત્ર તા.૧૬ જુલાઈ-૨૦૨૦થી સ્થગિત કરેલો હતો. મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં મંગળવારે મળેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં પ્રાથમિક શિક્ષકોની લાંબાગાળાની રજૂઆતો પ્રત્યે સહાનુભૂતિપૂર્વક વિચારણા કરીને આ પત્ર મૂળ અસરથી રદ કરવાની સૂચનાઓ મુખ્યમંત્રીએ આપી છે. મંત્રીશ્રીઓએ વધુમાં જણાવ્યું કે, હવે આના પરિણામે પ્રાથમિક શિક્ષકોને ૪૨૦૦ ગ્રેડ-પે પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ તરીકે યથાવત રહેશે તેમજ સંબંધિત શિક્ષકોને તેમની મળવાપાત્ર તારીખથી તેનો લાભ આપવામાં આવશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ શિક્ષણ વિભાગને નાણાં વિભાગ તથા સામાન્ય વહીવટ વિભાગ સાથે પરામર્શમાં રહીને આ નિર્ણયના સત્વરે અમલ માટેની જરૂરી કાયદાકીય-વહીવટી પ્રક્રિયાઓ પૂર્ણ કરવાની સૂચનાઓ પણ આપી છે તેમ નાયબ મુખ્યમંત્રી, શિક્ષણ મંત્રીએ ઉમેર્યુ હતું.

## નાયબ કાર્યપાલક ઈજનેર દર્શનાબેન ગોસ્વામીને સસ્પેન્ડ કરાયા

ચોમાસા દરમ્યાન જે માર્ગોને નુકશાન થયુ હતુ તે તમામ રસ્તાઓને રીપેર કરી દેવા માટે તમામ અધિકારીઓને સૂચના આપી હતી તેમ છતાં ક્યાંક-ક્યાંક રસ્તા રીપેર કરવાના રહી ગયા હોય તેવુ ધ્યાનમાં આવ્યુ હતું. ભુજ તાલુકાના કોટડા ચકારથી કુકમાના માર્ગ તુટેલો હોવાથી અનેક ગામના લોકોને પારાવાર મુશ્કેલીઓ વેઠવી પડે છે તેવી અંજારના ધારાસભ્ય અને મંત્રી વાસણભાઈ આહીર દ્વારા મૌખિક રજુઆતો કરાતાં અંગેની ચકાસણી કરી નિર્ણય કરાયો છે. ચોમાસામાં નુકશાન થયેલ રસ્તાઓની મરામત અંગે સૂચનાઓ આપેલ હોવા છતાં આ રસ્તાના મરામતની કામગીરીમાં બેદરકારી દાખવેલ હોઈ નાયબ કાર્યપાલક ઈજનેર શ્રીમતી દર્શનાબેન ગોસ્વામીને સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે. આ કામના મુખ્ય ઈજનેર, અધિક્ષક ઈજનેર અને કાર્યપાલક ઈજનેરનો પણ ખુલાસો માગવામાં આવ્યો છે.

## ખૂણેખાંચરેથી

- કોરોના વેક્સીન અંગે આજે રાજયના મુખ્ય સચિવે વિડીયો કોન્ફરન્સ યોજી ચોથા તબક્કામાં આવરી લેવનાર લોકોની યાદી તૈયાર કરવા તંત્રને સૂચના આપી હતી.
- રાજયના ગ્રામ વિકાસ કમિશનરે આજે વિડીયો કોન્ફરન્સ કરી અને અંત્યોદય યોજનાના અમલીકરણ અંગે સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે સતત બીજે દિવસે વધુ એક કર્મયોગી કોરોનાથી સંક્રમિત થયાની વાતથી કર્મચારીઓમાં ભયની લાગણી પ્રસરી જવા પામી છે.
- જિલ્લા પંચાયતની સમાજ કલ્યાણ શાખાનો કર્મયોગી ગઈકાલે કોરોનાથી સંક્રમિત થતાં ત્રણ દિવસ માટે શાખાની તમામ કામગીરી બંધ કરવાનો સમાજ કલ્યાણ અધિકારીએ નિર્ણય કર્યો છે.
- આજે રાજ્યમંત્રી મંડળની બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં મશગુલ થયેલા રાજ્ય ગૃહમંત્રી સ્વર્ણિમ સંકુલ પાસે તેમની ગાડી આવી ગઈ હોવાનો ભ્રમ થતાં બીજાની ગાડીમાં બેસવા જતાં બોડીગાર્ડે તેમને રોક્યા હતા. આ જોઈ પત્રકારોમાં પણ મીઠુ હાસ્ય પ્રસરી ગયુ હતુ.
- મહારાષ્ટ્ર સમાજના અગ્રણી પંઢરીનાથ જગતાપના દુઃખદ અવસાનને લઈ સાર્વ. ગણેશોત્સવ સમિતિ તરફથી તેમને શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા છે. આ અંગે સમિતિની બેઠકમાં તેમના અવસાન અંગે શોકદર્શક પ્રસ્તાવ પણ પસાર કરવામાં આવ્યો હતો.
- ૧૨ અને ૧૩ ડિસેમ્બરના રોજ ભાજપની ચિંતન બેઠક ‘કમલમ’ ખાતે રાષ્ટ્રીય મહામંત્રી ભૂપેન્દ્ર યાદવ અને સહપ્રભારી સુધીર ગુપ્તાની ઉપસ્થિતિમાં મળશે.





## ધ ગોડ ગિફ્ટ ફાઉન્ડેશન દ્વારા રખડતા અબોલ પ્રાણીઓને ખોરાક અને ઠંડીમાં રાહત આપવામાં સેવાનું બીડુ જડપ્યુ

છેલ્લા એકાદ વર્ષથી કાર્યરત ધ ગોડ્સ ગીફ્ટ ફાઉન્ડેશન નામની સેવાભાવી સંસ્થા દ્વારા જીવદયાની ભાવનાથી પ્રેરિત રખડતા કૂતરાઓને ભોજન અને સારવારનું કામ કરી રહી છે. ત્યારે રખડતા અબોલ પ્રાણીઓને ભોજન આપવાની સાથે ઠંડીથી રક્ષણ મળે તે માટે જૂના ફાટેલા કપડાં મુકીને હુંફ આપવાની સરાહનીય કામગીરી હાથ ધરી છે. આ ઉપરાંત સંસ્થા દ્વારા નિરાધાર અને ગરીબોને ગરમ ધાબળાનું વિતરણ કરી સેવાનું કાર્ય ઉપાડ્યુ છે. સંસ્થાના સદસ્યો દ્વારા ધાબળામાંથી ખાસ ગરમ વસ્ત્રો શ્વાન તથા પ્રાણીઓને બનાવી પહેરાવવામાં આવે છે. રખડતા-ભટકતા અબોલ જીવોની એક અલગ પ્રકાર અનોખી સેવા કરવાનો લ્હાવો લઈ ધન્યતા અનુભવી રહ્યા છે.

## બિરસા મુંડા આદિજાતિ યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ તરીકે ડૉ. મધુકરભાઈ પાડવીની નિમણૂંક

ગાંધીનગર, તા. ૯

રાજ્ય સરકારના આદિવાસી વિકાસ વિભાગ દ્વારા સંચાલિત નર્મદા જિલ્લામાં રાજપીપળા ખાતે બિરસા મુંડા યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ તરીકે એમ.ટી.બી. આર્ટસ કોલેજ, સુરતના આચાર્ય અને તાપી જિલ્લાના નિઝર તાલુકાના મેણપુર ગામના વતની ડૉ. મધુકરભાઈ સુંદર્યાભાઈ પાડવીની નિમણૂંક કરવામાં આવી છે.

ડૉ. મધુકરભાઈ પાડવીનો જન્મ તા. ૩-૩-૧૯૬૧ના રોજ તાપી જિલ્લાના નિઝર અને કુકરમુંડા તાલુકાના મેણપુર ખાતે સામાન્ય આદિવાસી પરીવારમાં થયેલ છે. તેઓએ વીર નર્મદ યુનિવર્સિટી, સુરતમાં હિન્દી



વિષય સાથે પ્રથમ વર્ગમાં યુનિ. પ્રથમ ક્રમે સ્નાતકની ડિગ્રી મેળવેલ છે. તેઓએ એમ.એ. એમ.ફીલ અને પી.એચ.ડી. સુધીનો અભ્યાસ નર્મદ યુનિવર્સિટી, સુરત ખાતેથી પૂર્ણ કર્યો છે. તેઓ એમ.ટી.બી. આર્ટસ કોલેજ, સુરતમાં લેકચરર તરીકે ૧-૩-૧૯૮૬થી હિન્દીના વ્યાખ્યાતા તરીકે જોડાયા હતાં. તેઓ સતત આગળ વધતાં રહ્યા અને તેઓ ૧૯૯૭ થી હિન્દી વિભાગના અધ્યક્ષ અને પી.જી. ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવી તે સાથે જ નવે. ૨૦૦૯માં એમ.ટી.બી. કોલેજ, સુરતના આચાર્ય તરીકેની જવાબદારી સફળતાપૂર્વક નિભાવી રહ્યા છે.

## રાજ્યની ૫૧ નગરપાલિકાઓના વહીવટદાર તરીકે સંબંધિત ચીફ ઓફિસર નિમાયા

ગાંધીનગર, તા. ૯

રાજ્યની જે નગર પાલિકાઓની મુદત પૂર્ણ થાય છે તેવી ૫૧ જેટલી નગર પાલિકાઓની આગામી સામાન્ય ચૂંટણીઓ યોજાય ત્યાં સુધી જે તે નગર પાલિકાઓના વહીવટી વડા તરીકે ફરજ બજાવતા ચીફ ઓફિસરને તેમની નગરપાલિકાઓની રોજબરોજની કામગીરી વહન કરવા માટેના આદેશો કર્યા છે. ‘આ સમય દરમ્યાન તેઓ કોઈ નીતિવિષયક નિર્ણયો લઈ શકશે નહિ.’

‘નગરોમાં રોજબરોજના નાગરિક સુખાકારી કામો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ નાગરિકોને દુવિધા ન પડે તેવા હેતુસર મુખ્યમંત્રી શ્રી વિજય ભાઈ રૂપાણી એ આ નિર્ણય કર્યો છે. ‘રાજ્યની જે ૫૧ નગરપાલિકામાં ચીફ ઓફિસરને આવી જવાબદારી સોંપવામાં આવી છે તેમાં ‘અ’વર્ગની ૧૬, ‘બ’વર્ગની ૨૩ અને ‘ક’વર્ગની ૧૨ એક કુલ ૫૧ નગરપાલિકાઓનો સમાવેશ થાય છે’

જેમાં અમદાવાદ જિલ્લાની ધોળકા અને વિરમગામ નગરપાલિકા, ખેડા જિલ્લાની નડિયાદ અને કપડવંજ નગરપાલિકા, સુરેન્દ્રનગર જિલ્લાની ધ્રાંગધ્રા અને લીંબડી નગરપાલિકા, બોટાદ જિલ્લાની બોટાદ નગરપાલિકા, પાટણ જિલ્લાની પાટણ અને સિદ્ધપુર નગરપાલિકા, બનાસકાંઠા જિલ્લાની પાલનપુર અને ડીસા નગરપાલિકા, મહેસાણા જિલ્લાની મહેસાણા, કડી, ઊંઝા અને વિસનગર નગરપાલિકા, સાબરકાંઠા જિલ્લાની હિંમતનગર નગરપાલિકા, અરવલ્લી જિલ્લાની મોડાસા નગરપાલિકા,ગાંધીનગર જિલ્લાની કલોલ અને દહેગામ નગરપાલિકા, પંચમહાલ જિલ્લાની ગોધરા નગરપાલિકા, દાહોદ જિલ્લાની દાહોદ નગરપાલિકા, વડોદરા જિલ્લાની ડભોઈ અને પાદરા નગરપાલિકા, આણંદ જિલ્લાની આણંદ, બોરસદ, ખંભાત, પેટલાદ અને ઉમરેઠ નગરપાલિકા, તાપી જિલ્લાની વ્યારા નગરપાલિકા, નર્મદા જિલ્લાની રાજપીપળા નગરપાલિકા, ભરૂચ જિલ્લાની ભરૂચ, અંકલેશ્વર અને જંબુસર નગરપાલિકા, સુરત જિલ્લાની બારડોલી અને કડોદરા નગરપાલિકા, કચ્છ જિલ્લાની ગાંધીધામ, ભૂજ, અંજાર અને માંડવી (ક) નગરપાલિકા, દેવભૂમિદ્વારકા જિલ્લાની ખંભાળિયા નગરપાલિકા, મોરબી જિલ્લાની મોરબી અને વાંકાનેર નગરપાલિકા, રાજકોટ જિલ્લાની ગોંડલ નગરપાલિકા, અમરેલી જિલ્લાની અમરેલી, સાવરકુંડલા અને બગસરા નગરપાલિકા, ગીરસોમનાથ જિલ્લાની વેરાવળ-પાટણ, ઉના નગરપાલિકા, જૂનાગઢ જિલ્લાની કેશોદ નગરપાલિકા તથા ભાવનગર જિલ્લાની મહુવા અને પાલિતાણા નગરપાલિકાનો સમાવેશ થાય છે.




## માણસા તાલુકાના બદપુરા વરસોડા માર્ગની હાલત અત્યંત કંગાળ

### છેલ્લા સાત વર્ષથી માર્ગ સુધારણાનુ કામ પેન્ડીંગ : ચાર વર્ષથી દરખાસ્તને પણ મંજુરી અપાતી નથી : મહુડી હાઈવે પર સ્થિત આ માર્ગની દુર્દશાના લીધે માર્ગ સલામતી પણ જોખમાઇ

ગાંધીનગરના માણસા તાલુકાના બદપુરા વરસોડા ગામના માર્ગનુ કામ છેલ્લા સાત વર્ષથી હાથ ધરાયુ નથી. જેના લીધે આ વિસ્તારમાં માર્ગ સલામતી જોખમાઈ છે. આ માર્ગની હાલત પણ એટલી બદતર થઈ છે કે સ્થાનિક ગ્રામજનોને અવરજવર કરવામાં પણ મુશ્કેલની વેઠવી પડે છે. મહુડી હાઈવે પર સ્થિત આ ગામોને જોડતો માર્ગ છેલ્લા સાત વર્ષતી બિસ્માર હાલતમાં છે. જયારે આ માર્ગનુ કામ હાથ ધરવા માટે છેલ્લા સાત વર્ષથી કોઈ આયોજન થતુ નથી. આ માટે માર્ગ મકાન વિભાગ કક્ષાએથી પણ છેલ્લા ચાર વર્ષથી દરખાસ્ત કરવામાં આવી રહી છે.

વરસાદી દિવસોના અંતે શહેર અને જિલ્લામાં તબક્કાવાર માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. હાલ શહેરમાં આડા અને ઉભા માર્ગોના વાઈડનીંગ તેમજ પેવરકામ હાથ ધરવામાં આવી રહ્યુ છે. આ ઉપરાંત જિલ્લામાં પણ વિવિધ માર્ગોની તંદુરસ્તી માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત વર્ષોથી જે માર્ગોની સુધારણા હાથ ધરવામાં આવી ન હોય તેવા રસ્તાઓ પણ છેલ્લા ઘણાં સમયથી બિસ્માર હાલતમાં જોવા મળી રહ્યા છે. વરસાદી સિઝનના અંતે આ માર્ગોની હાલત અત્યંત કફોડી બની છે. માણસા તાલુકાના બદપુરા વરસોડા ગામની હાલત પણ આવી જ છે. છેલ્લા સાત વર્ષથી આ માર્ગનુ સમારકામ હાથ ધરાયુ નથી જેના લીધે હાલની સ્થિતિ આ રસ્તો અત્યંત કંગાળ હાલતમાં જોવા મળી રહ્યો છે. મહુડી હાઈવે પર સ્થિત આ ૨.૫ કી મીના માર્ગની કામગીરીને અનુલક્ષીને માર્ગ મકાન વિભાગ દ્વારા છેલ્લા ચાર વર્ષથી દરખાસ્ત કરવામાં આવી રહી છે. પરંતુ હજુ સુધી આ દરખાસ્તને મંજુરી આપવામાં આવી નથી. આ માર્ગની સુધારણા પાછળ અંદાજતિ રૂ ૧.૫૦ કરોડનો ખર્ચ થાય તેમ છે. આ માર્ગની દુર્દશાના લીધે સ્થાનિક ગ્રામજનો પરેશાન છે. એટલુ જ નહીં પરંતુ ઉબડખાબડ માર્ગના લીધે માર્ગ સલામતી પણ જોખમાઈ છે. આવા સંજોગોમાં આ માર્ગનુ ત્વરિત કામ હાથ ધરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

**નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**જાહેર નિવિદા નં.૦૬ સને ૨૦૨૦-૨૧**

કાર્યપાલક ઈજનેરશ્રી સુજલામ સુફલામ વિભાગ નં.૧, સહયોગ સંકુલ, વિંગ-એ, છઠ્ઠો માળ, પથિકાશ્રમની બાજુમાં, સેક્ટર-૧૧, ગાંધીનગર, પીન નં. ૩૮૦૦૧૧, તરફથી કામના નામ :- Disinfecting treatment work at Narmada Water Resource Water Supply & Kalpsar Vibhag, Block No.9, New Sachivalay, Gandhinagar, અંદાજીત કિંમત : રૂ. ૧૩.૬૩ લાખ ઉપરોક્ત કામોના ટેન્ડર ઈ-૨ અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી માંગવામાં આવે છે. ટેન્ડરો ભરવાની તા. ૧૧/૧૨/૨૦૨૦ થી તા. ૨૭/૧૨/૨૦૨૦, ૧૮.૦૦ કલાક સુધીની છે. જયારે ભાવો ભરેલા ટેન્ડરો આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી પરત સ્વીકારવાની છેલ્લી તા. ૧/૧/૨૦૨૧, ૧૬.૦૦ કલાક સુધી છે. તથા ટેન્ડરો ખોલવાની તા. ૧/૧/૨૦૨૧, ૧૭.૦૦ કલાક છે. જેની વિગતવાર માહિતી : www.nprocure.com એથી મળી શકશે.

માહિતી/૧૪૫૦/૨૦-૨૧